# શ્રી ગોઝારિયા કેળવણી મંડળ

## ગોઝારિયા, તા.જિ. મહેસાણા

રજી.નં. ઈ-૪૬૯ મહેસાણા તા. ૧૧-૨-૧૯૫૩

## શ્રી જોઈતારામ સોમદાસ મોહનદાસ પટેલ એજ્યુકેશન કેમ્પસ

- ગં.સ્વ. મંગુબેન જેસીંગદાસ શાહ બાલમંદિર (સ્વનિર્ભર)
- શ્રીમતી અમથીબેન શંકરલાલ જીજીદાસ પટેલ બાલમંદિર (સ્વનિર્ભર)
- શ્રીમતી જમનાબેન કાનજીભાઈ પટેલ પ્રાથમિક શાળા (સ્વનિર્ભર)
- શ્રી સોમાભાઈ ડોસલદાસ પટેલ ઉચ્ચ. પ્રાથમિક શાળા (ગ્રાન્ટેડ)
- શ્રી ખોડાભાઈ કાળીદાસ પટેલ ગર્લ્સ હાયર સેકન્ડરી સ્કૂલ (ગ્રાન્ટેડ)
- શ્રી બળદેવભાઈ કચરાભાઈ પટેલ અને ગણેશભાઈ કચરાભાઈ પટેલ ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાનગી (સ્વનિર્ભર)
- શેઠશ્રી રમણલાલ વૈજનાથ રાવલ ઔદ્યોગિક તાલીમ સંસ્થા (ગ્રાન્ટેડ)
- શ્રી શંકરલાલ જીજીદાસ પટેલ બાલમંદદિર (સ્વનિર્ભર)
- શ્રી ગૌરવકુમાર જયંતિભાઈ પટેલ પ્રિ-પ્રાયમરી ઈંગ્લીસ મિડિયમ સ્કૂલ (સ્વનિર્ભર)
- શ્રીમતી અમથીબેન શંકરલાલ જીજીદાસ પટેલ હાયર સેકન્ડરી સ્કૂલ (ગ્રાન્ટેડ)
- નીમા ગર્લ્સ આર્ટ્સ કોલેજ (ગ્રાન્ટેડ)
- શ્રી જયંતિભાઈ ડાહ્યાભાઈ પટેલ ઉચ્ચ. પ્રાથ.શાળા ઈંગ્લિશ મિડિયમ (સ્વનિર્ભર)
- શ્રીમતી મધુબેન ખોડાભાઈ પટેલ હાઈસ્કૂલ (ગ્રાન્ટેડ)
- શ્રીમતી ગીતાબેન જયંતિભાઈ પટેલ પ્રાયમરી ઈંગ્લીસ મિડિયમ સ્કૂલ (સ્વનિર્ભર)

# વાર્ષિક અહેવાલ વર્ષ ૮૭

તા. ૧-૪-૨૦૨૩ થી તા. ૩૧-૩-૨૦૨૪

- આ સંસ્થામાં મળેલ દાન ૮૦G(5) મુજબ ઈન્કમટેક્ષ માફીને પાત્ર છે.
- આ રિપોર્ટ સાધારણ સભાએ મંજૂર કરેલ છે.

## શ્રી ગોઝારિયા કેળવણી મંડળ, ગોઝારિયા સંચાલિત
## નીમા ગર્લ્સ આર્ટ્સ કોલેજ, ગોઝારિયા પચ્ચીસમો વાર્ષિક અહેવાલ : ૨૦૨૩-૨૪

આજે પણ ગ્રામીણ સંસ્કૃતિમાં મહિલાઓના ઓપચારિક શિક્ષણના બદલે વ્યવહારિક શિક્ષણને વધુ મહત્ત્વ આપવામાં આવે છે. જેથી શહેરી વિસ્તારની મહિલાઓની તુલનામાં ગ્રામીણ મહિલાઓ ઉચ્ચ શિક્ષણ બાબતે વધુ પાછળ જણાય છે. જેનું મુખ્ય કારણ ગ્રામીણ સમાજની જૂની વિચારસરણી, નજીકમાં ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓનો અભાવ, તેમજ પુત્રીઓ પ્રતિ સમાજ અને ઘરનું નકારાત્મક વાતાવરણને ગણાવી શકાય. આવી સ્થિતિમાં અધૂરો અભ્યાસ છોડી દેતી ગોઝારિયા પંથકની દીકરીઓ માટે ગોઝારિયા કેળવણી મંડળે વર્ષો પહેલાં નીમા ગર્લ્સ આર્ટ્સ કોલેજની સ્થાપના કરીને ગોઝારિયા પંથકની દીકરીઓને ઉચ્ચ શિક્ષણ આપીને પગભર બનાવવા શૈક્ષણિક યજ્ઞનો આરંભ કર્યો હતો. ચાલુ વર્ષે પણ ગોઝારિયાની આજુબાજુના ચાલીસથી વધારે ગામની દીકરીઓ આ કોલેજમાં અભ્યાસ કરી રહી છે. આવી કોલેજનો વર્ષ ૨૦૨૩-૨૦૨૪નો વાર્ષિક અહેવાલ રજૂ કરતાં આનંદની અનુભૂતિ કરી રહ્યો છું.

*** કોલેજની વિદ્યાર્થિનીઓની સંખ્યા (વર્ષ - ૨૦૨૩-૨૪)**

| વર્ગ | સામાન્ય | બક્ષીપંચ | અનુ.જાતિ | અનુ. જનજાતિ | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|
| સેમ-૧ (એફ.વાય) | ૪૨ | ૯૭ | ૦૬ | ૦૪ | ૧૪૯ |
| સેમ-૩ (એસ.વાય) | ૩૩ | ૭૯ | ૦૪ | -- | ૧૧૬ |
| સેમ-૫ (ટી.વાય) | ૨૩ | ૭૮ | ૦૩ | -- | ૧૦૪ |
| કુલ સંખ્યા | ૯૮ | ૨૫૪ | ૧૩ | ૦૪ | ૩૬૯ |

*** સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ :-**

| ક્રમ | માસ | તારીખ અને આયોજન | પ્રવૃત્તિનું નામ |
|---|---|---|---|
| ૧ | જૂન | ૨૧-૬-૨૦૨૩ રાષ્ટ્રીય સેવા યોજના | એન..એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર નરેન્દ્ર પ્રજાપતિ દ્વારા યોગિક ક્રિયાઓ, વિવિધ પ્રકારના આસનો, પ્રાણાયામ અને અનુલોમ વિલોમ, કપાલભાતિ કરાવવામાં આવ્યા હતા. જ્યારે શ્રી પ્રેમભાઈ દ્વારા કેટલાક કઠિન આસનો જેવા કે બકાસન, હલાસન, ચકાસન, શીર્ષાસનનો ડેમો આપવામાં આવ્યો હતો. |
| | | ૨૩-૬-૨૦૨૩ "બી.એ. સેમેસ્ટર-૧નો સત્કાર સમારંભ" | આચાર્ય શ્રી ડૉ. રાજેન્દ્રસિંહ વાઘેલા સાહેબના અધ્યક્ષસ્થાને યોજાયેલ સત્કાર સમારોહમાં કોલેજના તમામ સ્ટાફ મિત્રોએ હાજર રહીને વિદ્યાર્થિનીઓને સત્કારીને વિવિધ પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. |

| ક્રમ | માસ | તારીખ અને આયોજન | પ્રવૃત્તિનું નામ |
|---|---|---|---|
| | | ૨૪-૬-૨૦૨૩<br>CWDC AND PSYCHOLOGY | "નોલેજ વિથ સાયકોલોજીકલ ગેમ્સ" શીર્ષક હેઠળ તાર્કિક રમતો રમાડવામાં આવી અને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઉપયોગી પ્રશ્નોનું સમાધાન કરવામાં આવ્યું. ૬૩ વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. |
| | | ૨૬-૬-૨૦૨૩<br>લાયબ્રેરી વિભાગ | તારીખ ૨૬-૬-૨૦૨૩ના રોજ ગ્રંથપાલશ્રી નરેન્દ્રકુમાર પી. પ્રજાપતિ દ્વારા વિદ્યાર્થિનીઓને સત્કારીને ગ્રંથાલયના નિયમો, સામાયિકો, વિવિધ વિષયોના સંદર્ભ પુસ્તકો અને વિશ્વકોશનો પરિચય કરાવવામાં આવ્યો હતો. તેમજ પુસ્તકો કેવી રીતે લેવા મૂકવા માટેનું યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું. |
| ૨ | જુલાઈ | ૧૧-૭-૨૦૨૩<br>ઈનોવેશન ક્લબ | ગોઝારિયા આઈ.ટી.આઈ.માંથી ઈન્સ્ટકટર શ્રી કે. કે. ચૌહાણ સાહેબ દ્વારા વિદ્યાર્થિનીઓને મિકેનિકલ કીટસના વિવિધ સાધનો બતાવીને તેના ઉપયોગનું ટેકનિકલ જ્ઞાન આપવામાં આવ્યું હતું. મિકેનિકલ કીટ, ટેલિસ્કોપ અને ડ્રોન કીટની સમજણ આપીને કોલેજના પ્રાગણમાં ડ્રોન ઉડાડ્યા બાદ ટેલિસ્કોપ દ્વારા પરીક્ષણ પણ કરવામાં આવ્યું હતું. |
| | | ૨૨-૭-૨૦૨૩<br>ઈનોવેશન ક્લબ | મહેસાણા જિલ્લાના કલેક્ટરશ્રીના આદેશાનુસાર SSIP ની ચિંતન શિબિર-૨૦૨૩ જે ગણપત યુનિવર્સિટીના ઓડિટોરિયમ હોલ, ખેરવા મુકામે યોજાયેલ જેમાં આચાર્યશ્રી SSIP COORDI-NATOR તથા ૩ વિદ્યાર્થીઓ સાથે હાજરી આપી હતી. |
| | | ૨૨-૭-૨૦૨૩<br>CWDC & PSYCHOLOGY | કૉલેજ વુમન ડેવલપમેન્ટ સેલ દ્વારા આયોજિત આયુર્વેદિક હેલ્થ વેલ્ફેર પ્રોગ્રામમાં પ્રો. પ્રજ્ઞેશભાઈએ દવા વિનાનું જીવન જીવવાની કળા શીખવાડી હતી. આ કાર્યક્રમમાં ૧૬૫ વિદ્યાર્થિનીઓએ ઉમળકાભેર ભાગ લીધો હતો. |
| | | ૨૬-૭-૨૦૨૩<br>રાષ્ટ્રીય સેવા યોજના | આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. નિબંધ સ્પર્ધામાં પ્રજાપતિ રેશ્મા અશોકકુમાર અને જાની ઈશીકા રાકેશકુમાર ચિત્ર સ્પર્ધામાં, શુકલા ક્રિષ્ણા મિથુનકુમાર અને વક્તૃત્વ સ્પર્ધામાં ચાવડા કલ્પનાબેન કિરણસિંહએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. |

| ક્રમ | માસ | તારીખ અને આયોજન | પ્રવૃત્તિનું નામ |
|---|---|---|---|
| | | ૨૭-૭-૨૦૨૩<br>લાયબ્રેરી વિભાગ | વાંચન વર્તુળની બેઠકમાં પાંચ વિદ્યાર્થિનીઓએ પુસ્તક પરિચય કરાવ્યો જેમાં ઠાકોર અંજના શ્રવણજીએ 'રંગભૂમિના અંતરંગ' નેહાબેન કે. ઠાકોરે 'ડર' નવલકથાનો, અંજલિબેન ડી. ઠાકોરે 'વેદાંતસાર' રાજેશ્રી જી. ચાવડાએ 'માટી હો ગયી સોના' અને પૂજાબેન એ. ચાવડાએ 'સત્યના પ્રયોગો'નો આસ્વાદ કરાવ્યો અને વાંચન વર્તુળ સમિતિની રચના કરવામાં આવી. |
| ૩ | ઓગસ્ટ | ૧-૮-૨૦૨૩<br>થી<br>૪-૮-૨૦૨૩<br>સર્જનાત્મક અભિવ્યક્તિ કાર્યશાળા<br>રાષ્ટ્રીય સેવા યોજના | યુવક વિકાસ ટ્રસ્ટ, અમદાવાદના સહયોગથી સર્જનાત્મક અભિવ્યક્તિ કાર્ય શાળા : ' રંગ મંચના રંગો ' નાટકના સંદર્ભમાં યોજવામાં આવી. આ શિબિરમાં ગુજરાત રાજ્યની વિવિધ ૨૨ કૉલેજોમાં થી ૬૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ગોઝારિયા ગામનું દર્શન અને ભૌગોલિક પરિચય, સર્જનાત્મકતા અને સમાજ ઘડતર, જૂથ કાર્ય, ગુજરાતી રંગમંચનો વિકાસ, આગગાડી તથા પોસ્ટ ઓફિસ નાટકનું શિબિરાર્થીઓ પાસે પઠન, માઈક્રોપ્લેની શીઘ્ર રજૂઆત, સ્વ. રચીત નાટકનું સર્જન, નિર્દેશન માટેનું યોગ્ય માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યું. સમગ્ર શિબિરનું સંચાલન અને સંયોજન શ્રી વિક્રમસિંહ ચૌહાણ અને શ્રી નરેન્દ્ર પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું. |
| | | ૮-૮-૨૦૨૩<br>ગીત-સંગીત અને નૃત્ય ધારા | ગુજરાતના સાંસ્કૃતિક પાસાને ઉજાગર કરતા રંગારંગ કાર્યક્રમમાં તમામ પ્રતિભાઓને ઝંકૃત કરી વિદ્યાર્થિનીઓએ પોતાની શુષુપ્ત ક્ષમતાઓ ઉજાગર કરી હતી. |
| | | ૯-૮-૨૦૨૩<br>રાષ્ટ્રીય સેવા યોજના | 'મેરી મીટ્ટી મેરા દેશ' થીમ અંતર્ગત વૃક્ષારોપણ અને વૃક્ષોનું તથા જમીન સંવર્ધન કાર્યક્રમ કરવામા આવ્યો હતો. સ્વયં સેવિકાઓ દ્વારા વૃક્ષોના ખામણાં ઠીક કરવા, પાણીની ખાર સફાઈ, આજુ બાજુ નીકળેલ વધારાનું નિંદામણ દૂર કરવું અને પ્લાસ્ટિક વીણીને સંકુલને સ્વચ્છ કરવામાં આવ્યું હતું. અલગ અલગ જાતના વૃક્ષો વાવીને તેમની સારી રીતે સંવર્ધન કરી શકાય તે હેતુથી ચાર પાંચ સ્વયં સેવિકાઓ વચ્ચે એક વૃક્ષ આપી વૃક્ષનું જતન કરવાના શપથ લેવડાવવામાં આવ્યા હતા. |
| | | ૧૧-૮-૨૦૨૩<br>રાષ્ટ્રીય સેવા યોજના | Sakshi Foundationના ધ રક્ષિત પ્રોજેક્ટ દ્વારા POCSO Act-Stop Child Sexual Abuse અંતર્ગત ઓનલાઈન વેબીનારનું આયોજન કરવામાં આવ્યું. જેમાં શ્રીમતી ભારતીબેન ગોમસે દ્વારા વિદ્યાર્થિનીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું. વેબિનારમાં મુખ્ય અતિથિ તરીકે મહેસાણા જિલ્લાના સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોલીસ શ્રી અચલ ત્યાગી સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. |

| ક્રમ | માસ | તારીખ અને આયોજન | પ્રવૃત્તિનું નામ |
| --- | --- | --- | --- |
| | | ૧૧-૮-૨૦૨૩<br>ઈનોવેશન ક્લબ | મહેસાણા જિલ્લાના કલેક્ટરશ્રીના આદેશાનુસાર SSIP મહેસાણા સાર્વજનિક સ્કૂલમાં યોજાયેલ જેમાં આચાર્યશ્રી SSIP COOR-DINATOR તથા 5 વિદ્યાર્થીઓ સાથે હાજરી આપી હતી. |
| | | ૧૪-૮-૨૦૨૩<br>રાષ્ટ્રીય સેવા યોજના | આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત મારી માટી, મારો દેશ અને હર ઘર તિરંગા કાર્યક્રમ : વીરોને વંદન, પંચપ્રાણ પ્રતિજ્ઞા અને રેલી યોજવામાં આવી. સૌ પ્રથમ માટીને નમન કરી ભારત ભૂમિની માટી હાથમાં લઈને દેશના વિકાસની પંચપ્રાણ પ્રતિજ્ઞાઓ લેવામાં આવી. મહેસાણા જિલ્લાના ગોઝારિયા બેઠકના યુવા સદસ્ય શ્રી મિહીરભાઈ પટેલની અધ્યક્ષતામાં વીરો ને વંદન : દેશ માટે બલિદાન આપનાર વીરોને સમર્પિત શ્રધ્ધાંજલિ કાર્યક્રમ યોજવામાં આવ્યો. |
| | | ૧૫-૮-૨૦૨૩<br>ગીત-સંગીત અને નૃત્યધારા | સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી નિમિત્તે સાંસ્કૃતિક કાર્યક્રમ |
| | | ૨૩-૮-૨૦૨૩<br>ઈનોવેશન ક્લબ | ઈનોવેશન કો-ઓર્ડીનેટર શ્રી નરેન્દ્ર પ્રજાપતિ અને ઈનોવેશન સહ કો-ઓર્ડીનેટર ડૉ. તરૂણભાઈ રાવલ દ્વારા વિદ્યાર્થિનીઓને PPT થી જુદા જુદા નવસર્જિત આઈડિયાઓનું વિવિધ ઉદાહરણો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું. |
| | | ૨૩-૮-૨૦૨૩ થી<br>૨૮-૮-૨૦૨૩<br>સંસ્કૃત વિભાગ | તારીખ ૨૩-૮-૨૦૨૩ થી ૨૮-૮-૨૦૨૩ સુધી સંસ્કૃત વિભાગ દ્વારા ઉજવવામાં આવેલ સંસ્કૃત સપ્તાહ નિમિત્તે સંસ્કૃત સુલેખન સ્પર્ધા, પોસ્ટર મેકિંગ સ્પર્ધા, બુક રીવ્યુ, શ્લોક ગાન, વક્તૃત્વ સ્પર્ધા અને કોલેજ ગ્રંથાલયમાં સંસ્કૃત ભાષાના પુસ્તકોનું પ્રદર્શન કરવામાં આવ્યું. |
| | | ૨૫-૮-૨૦૨૩<br>પેરેન્ટ્સ મીટીંગ | નિયામકશ્રી નિરૂભાઈ પટેલ સાહેબના અધ્યક્ષ સ્થાને વાલી સ્નેહમિલનનું આયોજન કરાયું જેનો મુખ્ય ઉદ્દેશ્ય વાલીઓ પોતાની દીકરીઓની આંતરિકા શક્તિને બહાર લાવવા માટે સહયોગ અને પ્રોત્સાહન પુરું પાડે. તેમજ દીકરીઓ દ્વારા વિકસિત સમાજનું નિર્માણ થાય. |
| | | ૨૮-૮-૨૦૨૩ અને<br>૨૯-૮-૨૦૨૩<br>રાષ્ટ્રીય સેવા યોજના | આઝાદી કા અમૃત મહોત્સવ પર યુવા સંકલ્પ શ્રેષ્ઠ ભારત કે પંચ પ્રકલ્પ અંતર્ગત ફિટ ઈન્ડિયા રમત-ગમત તેમજ ખેલકૂદને ઉત્તેજન આપતી વિવિધ રમતો યોજવામાં આવી. આ કાર્યક્રમમાં સૌ પ્રથમ વિવિધ દોડ સ્પર્ધા, વોલીબોલ, ગોળા ફેંક, ચક્ર ફેંક અને લાંબી કૂદ જેવી રમતો રમાઈ અને તા. ૨૯-૮-૨૦૨૩ના રોજ નેશનલ સ્પોર્ટ્સ ડે અંતર્ગત કબડ્ડી અને ખોખો જેવી રમતો રમાડવામાં આવી. ફીટ ઈન્ડિયા અંતર્ગત વિવિધ રમતોમાં વિજેતાઓને ઈનામ આપવામાં આવ્યા. |

| ક્રમ | માસ | તારીખ અને આયોજન | પ્રવૃત્તિનું નામ |
|---|---|---|---|
| ૪ | સપ્ટેમ્બર | તા. ૧-૯-૨૦૨૩<br>રાષ્ટ્રીય સેવા યોજના | વેગન આઉટ રીચના સહયોગથી આંતરરાષ્ટ્રીય પ્રાણી અધિકાર માટે ફૂડ પ્લેનેટ હેલ્થ પર ઓનલાઈન વેબીનારનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વક્તા નિજા મેડમ દ્વારા વિદ્યાર્થિનીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું. |
| | | તા. ૨-૯-૨૦૨૩<br>રાષ્ટ્રીય સેવા યોજના | આઝાદી કા અમૃત મહોત્સવ પર યુવા સંકલ્પ શ્રેષ્ઠ ભારત કે પંચ પ્રકલ્પ અંતર્ગત ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી કાર્યક્રમ અંતર્ગત વસાઈ ગામે પ્રાકૃતિક ખેતી કરતા શ્રી બકુલભાઈ પટેલના પ્રાકૃતિક ખેતરની મુલાકાત અને ગૌ સંવર્ધન કાર્યક્રમ યોજાયો. |
| | | ૫-૯-૨૦૨૩ | શિક્ષકદિનમાં ૫૦ વિદ્યાર્થિનીઓએ ભાગ લઈને આચાર્ય, પ્રોફેસર, ક્લાર્ક, લાયબેરીયન થી માંડીને સેવક સુધીની વિવિધ ભૂમિકા ભજવી હતી. |
| | | ૧૪-૯-૨૦૨૩<br>હિન્દી વિભાગ | હિન્દી દિવસ નિમિત્તે યોજવામાં આવેલ નિબંધ સ્પર્ધામાં ૩૩ વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. |
| | | ૧૬-૯-૨૦૨૩<br>હિન્દી વિભાગ | હિન્દી વિભાગ દ્વારા વિજ્ઞાપન પોસ્ટર સ્પર્ધા યોજવામાં આવી જેમાં ૨૦ વિદ્યાર્થિનીઓએ ઉમળકાભેર ભાગ લીધો હતો. |
| | | ૨૪-૯-૨૦૨૩<br>બ્લડ ડોનેશન કેમ્પ<br>રાષ્ટ્રીય સેવા યોજના | શ્રી સોમાભાઈ જે. પટેલ સાર્વજનિક હોસ્પિટલ, પલિયડ ખાતે મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૧૦૦ થી વધુ બોટલનું રક્તદાન થાય તેવા ટાર્ગેટ સાથે યોજાયેલ આ બ્લડ ડોનેશન કેમ્પ ખૂબ જ સફળ થયો હતો. |
| | | ૨૫-૯-૨૦૨૩ થી ૨૮-૯-૨૦૨૩<br>સ્વચ્છતા એજ સેવા કાર્યક્રમ<br>રાષ્ટ્રીય સેવા યોજના | તા. ૨૫-૯-૨૦૨૩ના રોજ ડૉ. સોમાભાઈ પટેલ અને ડૉ. ગાયત્રીબેન બારોટનું ગાંધીજી સ્વચ્છતા પર વ્યાખ્યાન. તા. ૨૬-૯-૨૦૨૩ના રોજ નિબંધ સ્પર્ધા, તા. ૨૭-૯-૨૦૨૩ના રોજ કોલેજ કેમ્પસની સફાઈ અને તા. ૨૮-૯-૨૦૨૩ના રોજ સ્વયં સેવિકાઓએ પોતાના ગામની સફાઈ કરી હતી. |
| | | ૨૭-૯-૨૦૨૩<br>નાટ્યધારા | દસ્તાવેજી ચિત્રપટ : પ્રદર્શન અને નિર્દેશન વિષયક કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં સમગ્ર મહાશાળાએ ઉત્સાહભેર ભાગ લીધો. |
| | | ૩૦-૯-૨૦૨૩<br>રાષ્ટ્રીય સેવા યોજના અને લાયબ્રેરી વિભાગ | મહાત્મા ગાંધીની જન્મ જયંતી નિમિત્તે ગાંધીજી વિષયક MCQ અને ગાંધી વિષયક પુસ્તક પ્રદર્શન યોજવામાં આવ્યું. સ્વયંસેવક વિદ્યાર્થિનીઓએ ગાંધી વિચારનું વાંચન કર્યું. કોલેજના આચાર્યશ્રી ડૉ. રાજેન્દ્રસિંહ વાઘેલા અને ડૉ. ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ પણ ગાંધી વિચારની પ્રસ્તુતતા રજુ કરી. |

| ક્રમ | માસ | તારીખ અને આયોજન | પ્રવૃત્તિનું નામ |
|---|---|---|---|
| ૫ | ઓક્ટોબર | તા.૧-૧૦-૨૦૨૩ થી ૨-૧૦-૨૦૨૩ રાષ્ટ્રીય સેવા યોજના | ભારત સરકારના સ્વચ્છતા અભિયાન અંતર્ગત તા. ૧-૧૦-૨૦૨૩ના રોજ અંબાજી ભાદરવી પૂનમના મેળા પછી સફાઈ અભિયાનમાં ગોઝારિયામાં આવેલ બાપા સીતારામ મંદિરે એક કલાક શ્રમદાન કરીને મંદિર પરિસર અને તેની આજુબાજુના વિસ્તારની સફાઈ કરવામાં આવી તેમજ બીજી સ્વયં સેવિકાઓએ પોતાના ગામમાં આવેલા ધાર્મિક સ્થળોની સફાઈ કરી અને તા. ૨-૧૦-૨૦૨૩ના રોજ સ્વચ્છતા જાગૃતિ રેલી અને ફળિયાના રસ્તાઓની સફાઈ કરવામાં આવી. |
| | | તા.૧૩-૧૦-૨૦૨૩ રાષ્ટ્રીય સેવા યોજના | આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે મારી માટી, મારો દેશ અંતર્ગત અમૃત કળશ યાત્રા કાર્યક્રમ અંતર્ગત સૌ પ્રથમ માટીને નમન કરીને સ્વયં સેવિકા દ્વારા વતનની માટીને અમૃત કળશમાં એકત્રિત કરવામાં આવી હતી. |
| | | તા.૧૫-૧૦-૨૦૨૩ થી ૨૨-૧૦-૨૦૨૩ રાષ્ટ્રીય સેવા યોજના | તા. ૧૫-૧૦-૨૦૨૩ ને રવિવારે ગોઝારિયાના બસ સ્ટેન્ડની સફાઈ કરવામાં આવી. તા. ૧૬-૧૦-૨૦૨૩ ના રોજ સરદાર પટેલની પ્રતિમાની સફાઈ કરવામાં આવી. તા. ૧૭-૧૦-૨૦૨૩ના રોજ ગોઝારિયાના ગામ તળાવની સફાઈ કરવામાં આવી. તા. ૧૯-૧૦-૨૦૨૩ના રોજ ગોઝારિયા કેળવણી મંડળમાં આવેલ પાણીના સ્ત્રોતોની સફાઈ કરવામાં આવી. તા. ૨૨-૧૦-૨૦૨૩ના રોજ ગોઝારિયા ગામમાં આવેલ બહુચર માતાનું મંદિર અને સિધ્ધનાથ મહાદેવ તથા માધવાનંદ આશ્રમની આજુબાજુ સફાઈ કરવામાં આવી. |
| | | તા.૧૮-૧૦-૨૦૨૩ રાષ્ટ્રીય સેવા યોજના | ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી અમદાવાદના સહયોગથી કોલેજના સેમ.-૧ ની કુલ ૧૨૨ વિદ્યાર્થિનીઓનો થેલેસેમિયા ટેસ્ટ કરાવ્યો હતો. |
| | | તા. ૨૧-૧૦-૨૦૨૩ નવરાત્રી, ગીત-સંગીત અને નૃત્યધારા | નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું. વિદ્યાર્થિનીઓએ વિવિધ શૈલીમાં ગરબા રમીને આનંદ માણ્યો. બેસ્ટ ડ્રેસીસ અને બેસ્ટ એકશનમાં નંબર આપવામાં આવ્યા. |
| | | રાષ્ટ્રીય સેવા યોજના | માનવતા તરફ એક પગલું : કપડા યજ્ઞ : દાતાશ્રીઓ તરફથી મળેલ નવીન ડ્રેસનો લાભ કોલેજમાં અભ્યાસ કરતી આર્થિક રીતે પછાત વર્ગની દીકરીઓને આપવામાં આવ્યો. આજના આ કાર્યમાં શ્રી ગોઝારિયા કેળવણી મંડળના હોદ્દેદારો શ્રી ભીખાભાઈ પટેલ, શ્રી નાથાભાઈ પટેલ, શ્રી હસમુખભાઈ મોદી, શ્રી અશોકભાઈ પટેલ અને કેમ્પસ ડાયરેક્ટર શ્રી નિરૂભાઈ પટેલ પણ જોડાયા હતા. |

| ક્રમ | માસ | તારીખ અને આયોજન | પ્રવૃત્તિનું નામ |
|---|---|---|---|
| | | તા. ૩૦-૧૦-૨૦૨૩ રાષ્ટ્રીય સેવા યોજના | રાષ્ટ્રીય એક્તા દિવસ : ભારત સરકારની સૂચનાનું સાર રાષ્ટ્રીય એક્તા દિવસની ઉજવણી સંદર્ભે એક્તા શપથવિધિ સમારોહ અને એક્તા દોડનું આયોજન કરવામાં આવ્યું. સ્વયં સેવિકાઓને એક્તાનાં શપથ લેવડાવવામાં આવ્યાં. |
| | | તા.૩૦-૧૦-૨૦૨૩ લાયબ્રેરી વિભાગ | સરદાર સૌથી વધુ અસરદાર : પુસ્તક વેચાણ તથા સરદારની કવિતાઓ અને વિચાર પ્રચારનો કાર્યક્રમમાં સરદાર પટેલ અને પુસ્તક વિશે શ્રી હસમુખભાઈ આસોડીયાનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું તથા સ્વયં સેવિકાઓને સરદારની કવિતાઓ અને વિચાર પ્રચાર માટે જરૂરી મટીરીયલ આપવામાં આવ્યું. તા. ૩૦-૧૦-૨૦૨૩ થી ૪-૧૧-૨૦૨૩ સુધી સરદાર પટેલ વિષયક પુસ્તક વેચાણ કરવામાં આવ્યા. |
| ૬ | નવેમ્બર | તા.૭-૧૧-૨૦૨૩ રાષ્ટ્રીય સેવા યોજના | ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીના આદેશાનુસાર રાજ્યની તમામ શૈક્ષણિક સંસ્થાઓએ સ્વચ્છતા એ જ સેવા અંતર્ગત પ્લાસ્ટિક મુક્ત કેમ્પસ કરવાનું હોવાથી તા. ૭-૧૧-૨૦૨૩ના કોલેજ કેમ્પસને પ્લાસ્ટિક મુક્ત કરવામાં આવ્યું. |
| | | તા.૮-૧૧-૨૦૨૩ રાષ્ટ્રીય સેવા યોજના | મતદાર જાગૃતિ કાર્યક્રમ હેઠળ મતદાર જાગૃતિ અંગે, ચૂંટણીકાર્ડ અને વિવિધ ફોર્મ વિશે માહિતી આપીને સમાજ માટે ચૂંટણીનું મહત્ત્વ સમજાવ્યું હતું. |
| | | તા.૮-૧૧-૨૦૨૩ રાષ્ટ્રીય સેવા યોજના | દિવાળીના દીવા : પ્રભુજીને પ્રસાદ કાર્યક્રમ : દાતાઓના આર્થિક સહયોગથી જરૂરિયાત મંદોને ટેકો અભિયાન ચલાવી રહ્યા છીએ તા. ૮-૧૧-૨૦૨૩ના રોજ લાભાર્થીઓને રાશન કીટ (ચોખા, મગ દાળ અને તેલ) વિતરણ કરવામાં આવ્યું. |
| ૭ | ડિસેમ્બર | તા.૨૧-૧૨-૨૦૨૩ રાષ્ટ્રીય સેવા યોજના | નશામુક્ત ભારત અભિયાન : ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારી મંત્રાલય તથા ઉચ્ચ શિક્ષણ વિભાગ નવી દિલ્હી અને સમાજ સુરક્ષા ખાતું ગુજરાત રાજ્ય ગાંધીનગરની સૂચનાનું સાર નશામુક્ત ભારત અભિયાનની ઉજવણી સંદર્ભે નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. સ્વયં સેવિકાઓને નશામુક્ત ભારત, નશીલા પદાર્થોના ગેરલાભ, નશીલા પદાર્થોના સેવન વિરૂદ્ધના કાયદાઓ અને નશીલા પદાર્થોના સેવનનું નિવારણ વિષયક નિબંધ સ્પર્ધા યોજવામાં આવી.<br>પ્રથમ વિજેતા : પારગી અનિતા બાબુભાઈ સેમ : ૨ રોલ નં. ૧૩૨<br>દ્વિતીય વિજેતા : ઠાકોર દિવ્યા ભરતજી સેમ : ૨ રોલ નં. ૧૨૫<br>તૃતીય વિજેતા : સોલંકી આસ્થા જગદીશભાઈ સેમ : ૨ રોલ નં.૧૨૧ |

| ક્રમ | માસ | તારીખ અને આયોજન | પ્રવૃત્તિનું નામ |
|---|---|---|---|
| | | તા.૨૨-૧૨-૨૦૨૩ રાષ્ટ્રીય સેવા યોજના | યુવા મતદાર જાગૃતિ મહોત્સવની ઉજવણી સંદર્ભે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. સ્વયં સેવિકાઓ દ્વારા વિવિધ મતદાર જાગૃતિના ચિત્રો દોરવામાં આવ્યા. ચિત્ર સ્પર્ધા વિજેતા...<br>પ્રથમ વિજેતા : ચૌહાણ નીતુ બાબુભાઈ સેમ : ૨ રોલ નં. ૨૯<br>દ્વિતીય વિજેતા : હેપ્પી એસ. રબારી સેમ : ૨ રોલ નં. ૧૪૦<br>તૃતીય વિજેતા : ઠાકોર પુષ્પા રાંમાજી સેમ : ૨ રોલ નં. ૧૦૦ |
| | | તા.૨૨-૧૨-૨૦૨૩ | દત્તક ગામ હરણાહોડાના સ્લમ વિસ્તારની મુલાકાત લેવામાં આવી જેથી ખાસ શિબિર દરમિયાન કેવી પ્રવૃત્તિઓ કરી શકાય કે જેથી સામાન્ય વર્ગની વસાહતોમાં રહેતા લોકોના જીવનમાં બદલાવ લાવી શકાય અને ગામ વાસીઓને ખાસ શિબિરની પ્રવત્તિઓથી પરિચિત કરાવવા માટે પ્રોગ્રામ ઓફિસર સાથે ૩૦ સ્વયં સેવિકાઓએ મુલાકાત લીધી. |
| ૮ | જાન્યુઆરી | તા. ૧-૧-૨૦૨૪ રાષ્ટ્રીય સેવા યોજના | નવા વર્ષને આવકારતા સવારે કૉલેજની વિદ્યાર્થિનીઓ દ્વારા સામૂહિક સૂર્યનમસ્કાર કરવામાં આવ્યા. જેમાં સાથે કૉલેજના આચાર્યશ્રી તેમજ કૉલેજના સ્ટાફે પણ ઉપસ્થિત રહી સૂર્યનમસ્કાર કર્યા. |
| | | તા.૫-૧-૨૦૨૪ થી તા. ૧૧-૧-૨૦૨૪ એન.એસ.એસની ખાસ શિબિર હરણાહોડા | “ ચાલો ગામ ભણી ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી જીવનમાં લાવે સમૃદ્ધિ ” ના સંકલ્પ સાથે યોજાયેલી શિબિરનો ઉદ્‌ઘાટન સમારોહ ગાંધીનગર જિલ્લા સદસ્ય અને સમારંભ પ્રમુખશ્રી ભરતસિંહ રાઠોડની હાજરીમાં યોજાયો હતો. શિબિરમાં સેવિકાઓને ગામની ભાગોળથી માહિતગાર કરી ગામ પરિભ્રમણ, પડોશી ગામ સમૌમાં શહીદ વીરોના સ્મારક તથા નવીન ડીજીટલ લાયબ્રેરીની મુલાકાત યોગ અને આરોગ્ય, ગામની દૂધ ડેરીની મુલાકાત, આંખ તપાસ અને દાંત તપાસ, ચશ્મા વિતરણ, ગ્રાહક જાગૃતિ, તરતુ પુસ્તક અભિયાન, પ્રાથમિક શાળાના બાળકોને રમતો રમાડવી, અંધશ્રધ્ધા નિવારણ કરવા અને બેટી બચાવો બેટી પઢાઓ, ગામ વાસીઓને મહિલા લક્ષી ફિલ્મ ‘હેલારો’ બતાવવી જેવા કાર્યક્રમો કરવામાં આવ્યા. વર્ષ : ૨૦૨૩-૨૦૨૪ની NSS બેસ્ટ સ્વયં સેવિકા તરીકે ઠાકોર નેહલબેન રાકેશજી સેમ-૫ રોલ નંબર ૯૯ ની પસંદગી |
| | | તા. ૧૬-૧-૨૦૨૪ રાષ્ટ્રીય સેવા યોજના | ગુજરાત સરકાર અને સેવ કલ્ચર સેવ ભારત ફાઉન્ડેશન દ્વારા કલ્ચર પ્રિઝર્વેશન પર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવાનું હોવાથી તા. ૧૬ જાન્યુઆરી ૨૦૨૪ ને મંગળવારે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૧૭ વિદ્યાર્થિનીઓએ વક્તૃત્વ સ્પર્ધામાં ભાગ |

| ક્રમ | માસ | તારીખ અને આયોજન | પ્રવૃત્તિનું નામ |
|---|---|---|---|
| | | | લીધો હતો. વક્તૃત્વ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થિનીઓને ડૉ. રાજેન્દ્રસિંહ વાઘેલાએ પ્રોત્સાહિત કરી હતી. વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમે દિવ્યા બી. ઠાકોર, દ્વિતીય ક્રમે આશા વી. ઠાકોર અને ત્રીજા ક્રમે પૂજા એ. ચાવડા આવી હતી. ત્રણેય વિજેતા સ્પર્ધકોને અનુક્રમે રૂા. ૫૦૧, રૂા. ૨૫૧, રૂા. ૧૦૧ રોકડ પુરસ્કાર દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. |
| | | તા. ૧૯-૧-૨૦૨૪ થી ૭-૨-૨૦૨૪ ફિનિસિંગ | શિક્ષણ વિભાગ દ્વારા કાર્યરત ફિનિશિંગ સ્કૂલના પ્રકલ્પ અંતર્ગત વિદ્યાર્થિનીઓને પ્લેસમેન્ટ માટે જરૂરી તાલીમ તેમજ ઈન્ટરવ્યૂ સમયે જરૂરી એવું અંગ્રેજી ભાષાનું પાયાનું જ્ઞાન મળી રહે તે હેતુથી તાલીમનું આયોજન કરવામાં આવેલું જેમાં ૪૫ જેટલી વિદ્યાર્થિનીઓ જોડાયેલ અને માસ્ટર ટ્રેનર તરીકે શ્રીમતી નંદની રાજવાણીનીજી હતા. |
| | | તા. ૨૧-૧-૨૦૨૪ રમત-ગમત વિભાગ | કેળવણી મંડળ આયોજિત રમતોત્સવમાં કોલેજ દ્વારા ૧૦૦ મીટર, ૨૦૦ મીટર, ૪૦૦ મીટર દોડમાં, લાંબીકૂદ, રસ્સા ખેંચ... રમતોમાં ૫૬ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. |
| | | તા.૨૭-૧-૨૦૨૪ રાષ્ટ્રીય સેવા યોજના સમાજશાસ્ત્ર વિભાગ | મહિલા શારીરિક જાગૃતિ સંબંધિત માહિતી માટે દાંતાથી શ્રીમતી પન્નાબેન ચાવડા પધારેલ. શ્રીમતી પન્નાબેન ચાવડાએ મહિલાોએ માસિકના સમયગાળામાં રાખવાની તકેદારી અને સ્વચ્છતા સંબંધિત માર્ગદર્શન આપ્યું હતું. |
| ૯ | ફેબ્રુઆરી | તા. ૧૩-૨-૨૦૨૪ રાષ્ટ્રીય સેવા યોજના | જ્યોતિ આંખની હોસ્પિટલના (વિસનગર) સહયોગથી તા. ૧૩-૨-૨૦૨૪ના રોજ હરણાહોડા ગામે આંખ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. જ્યોતિ આંખની હોસ્પિટલમાંથી પધારેલ ડૉ. પ્રહલાદભાઈ પ્રજાપતિ દ્વારા ૮૨ વ્યક્તિની આંખ તપાસ કરવામાં આવી. જેમાંથી મોતિયો આવેલ ૨૦ વ્યક્તિને મોતિયો ઉતારીને મફતમાં નેત્રમણી પણ મૂકી આપ્યા. |
| | | તા. ૨૧-૨-૨૦૨૪ ગુજરાતી વિભાગ | ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા આયોજિત વિશ્વ માતૃભાષા દિનની ઉજવણીમાં નીમા ગર્લ્સ આર્ટ્સ કોલેજ ગોઝારિયાની વિદ્યાર્થિનીઓ અને સમગ્ર સ્ટાફે જોડાઈને વિશ્વ માતૃભાષા દિનની ઉજવણી કરવામા આવી. પત્રકાર કટાર લેખક જય વસાવડા, સુરીલા ગાયકો અમર ભટ્ટ, નિધિ ધોળકિયા, સૌમ્ય જોશી, કવિ માધવ રામાનુજ જેવા ઉત્તમ સારસ્વતોનો લાભ મળ્યો. |
| | | તા. ૨૯-૨-૨૦૨૪ ગીત-સંગીત અને નૃત્યધારા | કેળવણી મંડળ આયોજિત રંગોત્સવ કાર્યક્રમમાં કોલેજ દ્વારા તલવારબાજી, 'ડાન્સ અને રામ આયેંગે' નૃત્ય રજૂ કર્યું. |

| ક્રમ | માસ | તારીખ અને આયોજન | પ્રવૃત્તિનું નામ |
|---|---|---|---|
| ૧૦ | માર્ચ | તા. ૨-૩-૨૦૨૪ ગુજરાતી વિભાગ | કોલેજના યજમાન પદે આનર્ત ગુજરાતીના અધ્યાપક સંઘનું અધિવેશન યોજવામાં આવ્યું. જેમા ૭૦ જેટલા અધ્યાપકો અને પી.એચ.ડી. સંશોધકો ઉપરાંત કોલેજની ત્રીસેક બહેનોએ રસ પૂર્વક ભાગ લીધો હતો. |
| | | તા. ૯-૩-૨૦૨૪ વિદાય સમારંભ | મુખ્ય મહેમાન તરીકે પધારેલ શ્રી પ.પૂ.ધ.ધુ.બ્રહ્માનંદ સ્વામીએ વિદાય લેતી વિદ્યાર્થિનીઓને આશીર્વાદ પાઠવતા કહ્યું કે નકલ, બકલ અને બાહ્ય આડંબરથી દૂર રહી, પ્રકૃતિ અને સંસ્કૃતિને અનુકૂળ થઈને મહેનતથી જે પ્રાપ્ત થાય તેમાં આગળ વધવા જણાવ્યું. |
| | | તા. ૨૬-૩-૨૦૨૪ ગ્રંથાલય વિભાગ રાષ્ટ્રીય સેવા યોજના અને ઈનોવેશન ક્લબ | 'સ્નાતક થયા પછી શું ' અંતર્ગત ગણપત યુનિવર્સિટીના શીપીંગ યાર્ડ, ITI, MBA, Sports અને Incubation centre જેવા જુદા જુદા વિભાગોની મુલાકાત કરાવવામાં આવી અને તેમાં પ્રવેશની લાયકાત તેમજ પ્રક્રિયા સમજાવવામાં આવી. સેમેસ્ટર-૬ ની ૪૨ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. |
| ૧૧ | એપ્રિલ | તા. ૯-૪-૨૦૨૪ રાષ્ટ્રીય સેવા યોજના | જ્યોતિ આંખની હોસ્પિટલ, વિસનગરના સહયોગથી તા. ૯-૪-૨૦૨૪ ના રોજ અંતરિયાળ ગામ બદલપુરામાં આંખ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. જ્યોતિ આંખની હોસ્પિટલમાંથી પધારેલ ડૉ. પ્રહલાદભાઈ પ્રજાપતિ દ્વારા ૫૨ વ્યક્તિની આંખ તપાસ કરવામાં આવી. જેમાંથી મોતિયો આવેલ ૧૨ વ્યક્તિને મોતિયો ઉતારીને મફતમાં નેત્રમણી પણ મૂકી આપ્યા. |
| | | તા. ૨૩-૪-૨૦૨૩ ગ્રંથાલય વિભાગ | વિશ્વ પુસ્તક દિવસ નિમિત્તે લાયબ્રેરીમાં આવતા જુનાં મનગમતાં સામાયિકો વિદ્યાર્થિનીઓને ફ્રી ઘરે લઈ જવા અને આ સામયિકો બીજા લોકોને વાંચવા આપવામાં આવ્યા. |

## * ગ્રંથાલય વિભાગ :-

કૉલેજના ગ્રંથાલયમાં વિવિધ વિષયોને આવરી લેતા પુસ્તકોનો વિદ્યાર્થિનીઓ અને અધ્યાપકો મહત્તમ લાભ લેતા રહે છે. સાથે સાથે કૉલેજમાં ચાલતા વિષયોના પ્રોજેક્ટ અને ગ્રંથ રીવ્યુમાં પણ વિદ્યાર્થિનીઓને મદદ કરવામાં આવી છે. ચાલુ વર્ષે વિવિધ વિષય પુસ્તકોનું પ્રદર્શન અને ફોટો ગેલેરીનું પણ આયોજન કર્યું. કોલેજ ગ્રાન્ટમાંથી અભ્યાસક્રમના પુસ્તકોની ખરીદી કરવામાં આવી અને જનરલ નોલેજ, જાહેર પરીક્ષાની તૈયારીમાં મદદરૂપ અને વિષયોની માહિતી પૂરી પાડતા કોલેજમાં આવતા સામયિકો રીન્યુ કરાવવામાં આવ્યા. ચાલુ વર્ષે રૂા. ૩૧,૪૯૨/- ના સામાયિકો અને વર્તમાનપત્રો પાછળ અને રૂા. ૧૯૪૯૧/- પુસ્તકો પાછળ ખર્ચ કરવામાં આવ્યો.

* **પરીક્ષા પરિણામ :-** વર્ષ : ૨૦૨૨-૨૦૨૩
શેઠશ્રી બળદેવભાઈ કચરાભાઈ પટેલ (ચોક્સી) તરફથી રૂા. ૧,૦૦,૦૦૦/-ના વ્યાજમાંથી દરેક સેમેસ્ટરમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર પ્રાપ્ત કરીને ઈનામને પાત્ર બનતી વિદ્યાર્થિનીઓને ઈનામ આપવામાં આવ્યા.

- **વર્ગવાર પ્રથમ ત્રણ નંબર મેળવેલ બહેનોની યાદી :**
- **બી. એ. સેમેસ્ટર-૧ (જાન્યુઆરી : ૨૦૨૩)**

| નંબર | ઈનામ લેનારનું નામ | કુ.ગુ/મે.ગુ. | ઈ.રકમ |
|---|---|---|---|
| પ્રથમ | ઠાકોર પિન્કીબેન વિષ્ણુજી | ૬૦૦/૪૩૫ | ૫૦૦/- |
| દ્વિતીય | ચાવડા રીતુબેન વનરાજસિંહ | ૬૦૦/૪૨૦ | ૩૦૦/- |
| તૃતીય | ઠાકોર ગૌરીબેન મહેશજી | ૬૦૦/૪૧૪ | ૨૦૦/- |

- **બી. એ. સેમેસ્ટર-૨ (એપ્રિલ : ૨૦૨૩)**

| નંબર | ઈનામ લેનારનું નામ | કુ.ગુ/મે.ગુ. | ઈ.રકમ |
|---|---|---|---|
| પ્રથમ | ઠાકોર પિન્કીબેન મહેશજી | ૬૦૦/૪૩૫ | ૫૦૦/- |
| દ્વિતીય | ઠાકોર કિરણબેન છનાજી | ૬૦૦/૪૧૫ | ૩૦૦/- |
| તૃતીય | ચાવડા રીતુબેન વનરાજસિંહ | ૬૦૦/૩૯૫ | ૨૦૦/- |

- **બી. એ. સેમેસ્ટર-૩ (નવેમ્બર - ૨૦૨૨)**

| નંબર | ઈનામ લેનારનું નામ | કુ.ગુ/મે.ગુ. | ઈ.રકમ |
|---|---|---|---|
| પ્રથમ | ઠાકોર અંજનાબેન શ્રવણજી | ૬૦૦/૪૪૮ | ૫૦૦/- |
| દ્વિતીય | કડિયા કિંજલબેન પ્રકાશકુમાર | ૬૦૦/૪૩૯ | ૩૦૦/- |
| તૃતીય | ઠાકોર રાધિકાબેન બળવંતજી | ૬૦૦/૪૧૮ | ૨૦૦/- |

- **બી. એ. સેમેસ્ટર-૪ (માર્ચ : ૨૦૨૩)**

| નંબર | ઈનામ લેનારનું નામ | કુ.ગુ/મે.ગુ. | ઈ.રકમ |
|---|---|---|---|
| પ્રથમ | રબારી મમતાબેન અમરતભાઈ | ૬૦૦/૪૪૧ | ૫૦૦/- |
| દ્વિતીય | ઠાકોર અંજનાબેન શ્રવણજી | ૬૦૦/૪૨૫ | ૩૦૦/- |
| તૃતીય | ઠાકોર નેહલબેન રાકેશજી | ૬૦૦/૪૨૧ | ૨૦૦/- |

- **બી. એ. સેમેસ્ટર-૫ (ઓક્ટોબર : ૨૦૨૨)**

| નંબર | ઈનામ લેનારનું નામ | કુ.ગુ/મે.ગુ. | ઈ.રકમ |
|---|---|---|---|
| પ્રથમ | ઠાકોર કિંજલબેન અમરતજી | ૬૦૦/૪૧૯ | ૫૦૦/- |
| દ્વિતીય | તપોધન વિરલબેન જયંતિલાલ | ૬૦૦/૪૦૮ | ૩૦૦/- |
| તૃતીય | ઠાકોર ભારતીબેન પોપટજી | ૬૦૦/૪૦૬ | ૨૦૦/- |

- **બી. એ. સેમેસ્ટર-૬ (માર્ચ : ૨૦૨૩)**

| નંબર | ઈનામ લેનારનું નામ | કુ.ગુ/મે.ગુ. | ઈ.રકમ |
|---|---|---|---|
| પ્રથમ | તપોધન વિરલબેન જયંતિલાલ | ૬૦૦/૪૪૯ | ૫૦૦/- |
| દ્વિતીય | ઠાકોર મિતલબેન રમતુજી | ૬૦૦/૪૪૧ | ૩૦૦/- |
| તૃતીય | ઠાકોર કિંજલબેન અમરતજી | ૬૦૦/૪૨૪ | ૨૦૦/- |

- **બી. એ. સેમેસ્ટર-૬ (માર્ચ : ૨૦૨૩)**

**શ્રી ઈશ્વરભાઈ પટેલ (મંત્રી, કેળવણી મંડળ) તરફથી સેમેસ્ટર-૬ માં કૉલેજ કક્ષાએ પ્રથમ દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરનારને રૂપિયા ૫૦૧/-, ૨૫૧/- અને ૧૫૧/- નું ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા.**

| નંબર | ઈનામ લેનારનું નામ | કુ.ગુ/મે.ગુ. | ઈ.રકમ |
|---|---|---|---|
| પ્રથમ | તપોધન વિરલબેન જયંતિલાલ | ૬૦૦/૪૪૯ | ૫૦૧/- |
| દ્વિતીય | ઠાકોર મિતલબેન રમતુજી | ૬૦૦/૪૪૧ | ૨૫૧/- |
| તૃતીય | ઠાકોર કિંજલબેન અમરતજી | ૬૦૦/૪૨૪ | ૧૫૧/- |

- **બી. એ. સેમેસ્ટર-૬ (માર્ચ : ૨૦૨૩)**

**સ્વ. બ્રિજેશ નંદુભાઈ શાહના સ્મરણાર્થે ટી.વાય. બી.એ.માં ચાલતા મુખ્ય વિષયોમાં પ્રથમ નંબર મેળવનારને રૂા. ૧૦,૦૦૦/- ના વ્યાજમાંથી પ્રથમ નંબર પ્રાપ્ત કરીને ઈનામને પાત્ર બનતી વિદ્યાર્થિનીઓને ઈનામ આપવામાં આવ્યા.**

| વિષય | ઈનામ લેનારનું નામ | કુ.ગુ/મે.ગુ. | ઈ.રકમ |
|---|---|---|---|
| સંસ્કૃત | ઠાકોર ભારતીબેન પોપટજી | ૫૦૦/૩૫૬ | ૧૭૫/- |
| અંગ્રેજી | રાવળ સરલાબેન રતિલાલ | ૫૦૦/૨૯૧ | ૧૭૫/- |
| ગુજરાતી | રાવળ પૂજાબેન બળદેવભાઈ | ૫૦૦/૩૨૯ | ૧૭૫/- |
| હિન્દી | તપોધન વિરલબેન જયંતિલાલ | ૫૦૦/૩૯૫ | ૧૭૫/- |

- **વર્ગવાર મુખ્ય વિષયમાં પ્રથમ સ્થાન મેળવેલ બહેનોની યાદી :-**
- **બી. એ. સેમેસ્ટર-૧ (જાન્યુઆરી : ૨૦૨૩)**

શ્રી ગીરીશભાઈ નાથાલાલ પટેલ તરફથી બી.એ.સેમેસ્ટર-૧ માં ચાલતા મુખ્ય વિષયોમાં પ્રથમ નંબર મેળવનારને રૂા. ૧૦,૦૦૦/- ના વ્યાજમાંથી પ્રથમ નંબર પ્રાપ્ત કરીને ઈનામને પાત્ર બનતી વિદ્યાર્થિનીઓને ઈનામ આપવામાં આવ્યા.

| વિષય | ઈનામ લેનારનું નામ | કુ.ગુ/મે.ગુ. | ઈ.રકમ |
|---|---|---|---|
| સંસ્કૃત | ઠાકોર ગૌરીબેન મહેશજી | ૨૦૦/૧૫૪ | ૧૭૫/- |
| અંગ્રેજી | રબારી અસ્મિતાબેન ભીખાભાઈ | ૨૦૦/૧૦૮ | ૧૭૫/- |
| ગુજરાતી | ચાવડા કોમલબેન દિનેશકુમાર | ૨૦૦/૧૨૨ | ૧૭૫/- |
| હિન્દી | ઠાકોર પિન્કીબેન વિષ્ણુજી | ૨૦૦/૧૬૯ | ૧૭૫/- |

- **બી. એ. સેમેસ્ટર-૨ (એપ્રિલ : ૨૦૨૩)**

શ્રી હિંમતભાઈ શંકરલાલ પટેલ સાહેબ (બાપુ) તરફથી બી.એ.સેમેસ્ટર-૨ માં ચાલતા મુખ્ય વિષયોમાં પ્રથમ નંબર મેળવનારને રૂા. ૧૦,૦૦૦/- ના વ્યાજમાંથી પ્રથમ નંબર પ્રાપ્ત કરીને ઈનામને પાત્ર બનતી વિદ્યાર્થિનીઓને ઈનામ આપવામાં આવ્યા.

| વિષય | ઈનામ લેનારનું નામ | કુ.ગુ/મે.ગુ. | ઈ.રકમ |
|---|---|---|---|
| સંસ્કૃત | ચાવડા રીતુબેન વનરાજસિંહ | ૨૦૦/૧૩૮ | ૧૭૫/- |
| અંગ્રેજી | ઠાકોર મનિષાબેન મિતુલજી | ૨૦૦/૧૦૭ | ૧૭૫/- |
| ગુજરાતી | રાવળ તારાબેન ગાભાભાઈ | ૨૦૦/૧૩૦ | ૧૭૫/- |
| હિન્દી | નાયી દૃષ્ટિબેન ભરતકુમાર | ૨૦૦/૧૫૨ | ૧૭૫/- |

- **બી. એ. સેમેસ્ટર-૩ (નવેમ્બર : ૨૦૨૨)**

શ્રી ગોરધનભાઈ વિઠ્ઠલભાઈ પટેલ તરફથી તેમના ધર્મપત્નીની યાદમાં બી.એ. સેમેસ્ટર-૩ માં ચાલતા મુખ્ય વિષયોમાં પ્રથમ નંબર મેળવનારને રૂા. ૧૦,૦૦૦/- ના વ્યાજમાંથી પ્રથમ નંબર પ્રાપ્ત કરીને ઈનામને પાત્ર બનતી વિદ્યાર્થિનીઓને ઈનામ આપવામાં આવ્યા.

| વિષય | ઈનામ લેનારનું નામ | કુ.ગુ/મે.ગુ. | ઈ.રકમ |
|---|---|---|---|
| સંસ્કૃત | ઠાકોર અંજલી દિનેશજી | ૩૦૦/૨૦૦ | ૧૭૫/- |
| અંગ્રેજી | રબારી જાનવીબેન જીવણભાઈ | ૩૦૦/૧૬૧ | ૧૭૫/- |
| ગુજરાતી | ઠાકોર અંજનાબેન શ્રવણજી | ૩૦૦/૨૩૦ | ૧૭૫/- |
| હિન્દી | ઠાકોર નેહલબેન રાકેશજી | ૩૦૦/૨૩૫ | ૧૭૫/- |

- **બી. એ. સેમેસ્ટર-૪ (માર્ચ : ૨૦૨૩)**

મહેરિયા ચંચળબેન ગંગારામ હસ્તે શ્રી રમેશભાઈ મહેરિયા તરફથી બી.એ. સેમેસ્ટર-૪ માં ચાલતા મુખ્ય વિષયોમાં પ્રથમ નંબર મેળવનારને રૂા. ૧૦,૦૦૦/- ના વ્યાજમાંથી પ્રથમ નંબર પ્રાપ્ત કરીને ઈનામને પાત્ર બનતી વિદ્યાર્થિનીઓને ઈનામ આપવામાં આવ્યા.

| વિષય | ઈનામ લેનારનું નામ | કુ.ગુ/મે.ગુ. | ઈ.રકમ |
|---|---|---|---|
| સંસ્કૃત | ઠાકોર પ્રિયંકાબેન પોપટજી | ૩૦૦/૧૯૪ | ૧૭૫/- |
| અંગ્રેજી | દરબાર વિધિબેન અભેસિંહ | ૩૦૦/૧૬૯ | ૧૭૫/- |
| ગુજરાતી | ઠાકોર રાધિકાબેન બળવંતજી | ૩૦૦/૨૦૪ | ૧૭૫/- |
| હિન્દી | રબારી મમતાબેન અમરતભાઈ | ૩૦૦/૧૨૮ | ૧૭૫/- |

- **બી. એ. સેમેસ્ટર-૫ (ઓક્ટોબર-૨૦૨૨)**

દિવ્યેશકુમાર ભીખાભાઈ પટેલના સ્મરણાર્થે શ્રી ભીખાભાઈ મણીલાલ ગણેશદાસ પટેલ તરફથી બી.એ. સેમ-૫ અને સેમ-૬ માં ચાલતા મુખ્ય વિષયોમાં પ્રથમ નંબર મેળવનારને રૂા. ૨૦,૦૦૦/- ના વ્યાજમાંથી પ્રથમ નંબર પ્રાપ્ત કરીને ઈનામને પાત્ર બનતી વિદ્યાર્થિનીઓને ઈનામ આપવામાં આવ્યા.

| વિષય | ઈનામ લેનારનું નામ | કુ.ગુ/મે.ગુ. | ઈ.રકમ |
|---|---|---|---|
| સંસ્કૃત | ઠાકોર ભારતીબેન પોપટજી | ૫૦૦/૩૫૧ | ૧૭૫/- |
| અંગ્રેજી | રાવળ સરલાબેન રતિલાલ | ૫૦૦/૨૬૮ | ૧૭૫/- |
| ગુજરાતી | ઠાકોર સુમિતાબેન સુરેશજી | ૫૦૦/૩૨૧ | ૧૭૫/- |
| હિન્દી | ઠાકોર કિંજલબેન અમરતજી | ૫૦૦/૩૬૦ | ૧૭૫/- |

- **બી. એ. સેમેસ્ટર-૬ (માર્ચ : ૨૦૨૩)**

| વિષય | ઈનામ લેનારનું નામ | કુ.ગુ/મે.ગુ. | ઈ.રકમ |
|---|---|---|---|
| સંસ્કૃત | ઠાકોર ભારતીબેન પોપટજી | ૫૦૦/૩૫૬ | ૧૭૫/- |
| અંગ્રેજી | રાવળ સરલાબેન રતિલાલ | ૫૦૦/૨૯૧ | ૧૭૫/- |
| ગુજરાતી | રાવળ પૂજાબેન બળદેવભાઈ | ૫૦૦/૩૨૯ | ૧૭૫/- |
| હિન્દી | તપોધન વિરલબેન જયંતિલાલ | ૫૦૦/૩૯૫ | ૧૭૫/- |

વર્ગવાર પ્રથમ ગૌણ (મનોવિજ્ઞાન અને સમાજશાસ્ત્ર) વિષયમાં પ્રથમ સ્થાન મેળવેલ બહેનોની યાદી :

- **બી. એ. સેમેસ્ટર-૨ (એપ્રિલ : ૨૦૨૩)**

શ્રી ભોગીલાલ રતનદાસ પટેલ તરફથી બી.એ.સેમેસ્ટર-૨ અને બી.એ.સેમેસ્ટર-૪ માં ચાલતા પ્રથમ ગૌણ વિષયોમાં પ્રથમ નંબર મેળવનારને રૂા. ૧૦,૦૦૦/- ના વ્યાજમાંથી પ્રથમ નંબર પ્રાપ્ત કરીને ઈનામને પાત્ર બનતી વિદ્યાર્થિનીઓને ઈનામ આપવામાં આવ્યા.

| વિષય | ઈનામ લેનારનું નામ | કુ.ગુ/મે.ગુ. | ઈ.રકમ |
|---|---|---|---|
| મનોવિજ્ઞાન | દેસાઈ દિપીકાબેન અમૃતભાઈ | ૨૦૦/૧૪૪ | ૧૭૫/- |
| સમાજશાસ્ત્ર | ઠાકોર સુધાબેન રાજુજી | ૨૦૦/૧૪૦ | ૧૭૫/- |

- **બી. એ. સેમેસ્ટર-૪ (માર્ચ : ૨૦૨૩)**

| વિષય | ઈનામ લેનારનું નામ | કુ.ગુ/મે.ગુ. | ઈ.રકમ |
|---|---|---|---|
| મનોવિજ્ઞાન | ઠાકોર અંજનાબેન શ્રવણજી | ૨૦૦/૧૬૨ | ૧૭૫/- |
| સમાજશાસ્ત્ર | રબારી મમતાબેન અમરતભાઈ | ૨૦૦/૧૨૮ | ૧૭૫/- |

શ્રી અશોકભાઈ જી. પટેલ (માજી પ્રમુખ, રોટરી ક્લબ-ગોઝારિયા) તરફથી રૂા. ૧૦,૦૦૦/-ના વ્યાજમાંથી રમત-ગમત ક્ષેત્રે આંતર યુનિ.કક્ષાએ પસંદગી પામેલ અને માત્ર ભાગ લીધો હોય તેવી વિદ્યાર્થિનીઓને ઈનામ આપવામાં આવ્યા. (ચાલુ સાલે કોઈ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો નથી.)

| ક્રમ | ઈનામ લેનારનું નામ | સેમ.&રોલ નં. | ઈ.રકમ |
|---|---|---|---|
| | | | |
| | | | |

- **આર્થિક સહાય : દાતાશ્રીઓનો આભાર ૨૦૨૩-૨૦૨૪**

| ક્રમ | રકમ રૂા. | દાતાશ્રીઓના નામ |
|---|---|---|
| ૧ | ૩,૯૦૦/- | ડૉ. તરૂણકુમાર ડી. રાવલ તરફથી રંગારંગ કાર્યક્રમમાં અલ્પાહાર અને ઈનામ પેટે |
| ૨ | ૩,૫૦૦/- | ડૉ. તુષારકુમાર આર. પંડ્યા તરફથી રંગારંગ કાર્યક્રમમાં અલ્પાહાર અને ઈનામ પેટે |

શ્રી ગોઝારિયા કેળવણી મંડળ તરફથી નિમાયેલા કૉલેજના કન્વીનરશ્રી પ્રોફેસર અશોકભાઈ જી. પટેલ દ્વારા કૉલેજના રોજબરોજના કામકાજમાં અને વહીવટ કાર્યોમાં સતત એમનું માર્ગદર્શન મળતું રહે છે. સંસ્થાના વિકાસ માટે કોઈ માર્ગદર્શનની જરૂર હોય અથવા કોઈપણ પ્રકારની વ્યવસ્થા કરવી હોય વગેરે મૂંઝવતા પ્રશ્નોના સમાધાનરૂપી તેમની પ્રેરણા હંમેશા મળતી રહે છે. આમ સમગ્ર કૉલેજના કામકાજમાં જે સરળતા રહી છે તેનો બધો યશ તેમના ફાળે જાય છે.



ડો. રાજેન્દ્રસિંહ ડી. વાઘેલા
ઈન્ચાર્જ આચાર્ય,
નીમા ગર્લ્સ આર્ટ્સ કૉલેજ, ગોઝારિયા

# • શ્રી ગોઝારિયા કેળવણી મંડળ •

## :: હોદ્દેદારો અને ટ્રસ્ટીશ્રીઓ ::

### • ટ્રસ્ટીશ્રીઓ •


૧. શ્રી હિંમતલાલ શંકરદાસ પટેલ - અધ્યક્ષશ્રી

૨. શ્રી ખોડાભાઈ કાલીદાસ પટેલ - પ્રમુખશ્રી
૩. ડો. શ્રી માણેકલાલ મથુરદાસ પટેલ - ઉપપ્રમુખશ્રી
૪. શ્રી શૈલેષભાઈ મણિલાલ પટેલ - મંત્રીશ્રી
૫. શ્રી ભોગીલાલ પ્રહલાદભાઈ પટેલ - સહમંત્રીશ્રી
૬. શ્રી ચંદુભાઈ અંબાલાલ પટેલ - ખજાનચી
૭. શ્રી ગીરીશભાઈ નથ્થુદાસ પટેલ - ટ્રસ્ટીશ્રી
૮. શ્રી મણિલાલ શંકરદાસ પટેલ - ટ્રસ્ટીશ્રી
૯. શ્રી રામાભાઈ મોહનદાસ પટેલ - ટ્રસ્ટીશ્રી
૧૦. શ્રી ભીખાભાઈ સોમાભાઈ લલ્લુદાસ પટેલ - ટ્રસ્ટીશ્રી
૧૧. શ્રી અશોકકુમાર ગીરધરદાસ પટેલ - ટ્રસ્ટીશ્રી
૧૨. શ્રી રાજેન્દ્રકુમાર રસિકલાલ પંડ્યા - ટ્રસ્ટીશ્રી
૧૩. શ્રી શૈલેષભાઈ સોમાભાઈ પટેલ - ટ્રસ્ટીશ્રી
૧૪. શ્રી વિકાસકુમાર અંબાલાલ પટેલ - ટ્રસ્ટીશ્રી
૧૫. શ્રી પ્રકાશકુમાર અંબાલાલ પટેલ - ટ્રસ્ટીશ્રી
૧૬. શ્રી સંદિપકુમાર વિક્રમભાઈ પટેલ - ટ્રસ્ટીશ્રી
૧૭. શ્રી રાજેન્દ્રભાઈ અંબાલાલ પટેલ - ટ્રસ્ટીશ્રી
૧૮. શ્રી ધ્રુમિલકુમાર દિનેશભાઈ પટેલ - ટ્રસ્ટીશ્રી
૧૯. શ્રી કંચનભાઈ બળદેવભાઈ પટેલ - ટ્રસ્ટીશ્રી
૨૦. શ્રી પંકજભાઈ પ્રહલાદભાઈ પટેલ - ટ્રસ્ટીશ્રી
૨૧. શ્રી જિજ્ઞેશકુમાર જ્યંતિભાઈ પટેલ - ટ્રસ્ટીશ્રી


### • આમંત્રિત ટ્રસ્ટીશ્રીઓ •


૧. શ્રી ઈશ્વરભાઈ પુરૂષોત્તમદાસ પટેલ
૨. શ્રી દિનેશભાઈ કેશવલાલ પટેલ
૩. શ્રી લલિતભાઈ જોઈતારામ પટેલ
૪. શ્રી મહેન્દ્રભાઈ નટવરલાલ પટેલ
૫. ડો. શ્રી જીતુભાઈ મગનભાઈ પટેલ
૬. શ્રી નાથાભાઈ અંબાલાલ પટેલ
૭. શ્રી રમેશભાઈ છનાલાલ પટેલ
૮. શ્રી જગદીશભાઈ કાન્તિલાલ પટેલ
૯. શ્રી અશોકભાઈ કાન્તિલાલ પટેલ
૧૦. શ્રી અરવિંદભાઈ ગીરધરભાઈ પટેલ
૧૧. શ્રી મુકેશભાઈ હીરાલાલ શાહ
૧૨. શ્રી જગદીશભાઈ ગોવિંદભાઈ શ્રીમાળી
૧૩. શ્રી ભીખાભાઈ સોમાભાઈ ભગવાનદાસ પટેલ


### • કારોબારી સમિતિ •


૧. શ્રી જ્યંતિભાઈ નારાયણદાસ પટેલ
૨. શ્રી મહેન્દ્રભાઈ શંકરલાલ પટેલ
૩. શ્રી રમેશભાઈ સેંધાભાઈ પટેલ
૪. શ્રી બાબુભાઈ કચરાભાઈ પટેલ
૫. શ્રી ભીખાભાઈ બહેચરદાસ પટેલ
૬. શ્રી પરેશકુમાર રસિકલાલ પટેલ
૭. શ્રી મંગળભાઈ રેવાભાઈ પટેલ
૮. શ્રી ભીખાભાઈ મણિલાલ પટેલ
૯. શ્રી રાજેન્દ્રકુમાર રમણલાલ અંબાલાલ પટેલ
૧૦. શ્રી રંગાજી વિરાજી ઠાકોર
૧૧. શ્રી ચંપકભાઈ અંબાલાલ મોદી
૧૨. શ્રી રમણભાઈ ગંગારામ મહેરિયા
૧૩. શ્રી અમૃતભાઈ જોઈતારામ રાવળ
૧૪. શ્રી મનિષભાઈ જ્યંતિભાઈ પટેલ
૧૫. શ્રી શૈલેષભાઈ કચરાભાઈ રાવલ
૧૬. શ્રી માણેકલાલ વિઠ્ઠલદાસ પટેલ
૧૭. શ્રી દિલિપભાઈ બબાભાઈ પ્રજાપતિ
૧૮. શ્રી ભરતભાઈ સતિષભાઈ પટેલ
૧૯. શ્રી હસમુખભાઈ અમૃતલાલ નરોત્તમદાસ પટેલ
૨૦. શ્રી હરેશભાઈ હરીવદનભાઈ અમીન
૨૧. શ્રી શૈલેષભાઈ ઈશ્વરભાઈ પટેલ
૨૨. શ્રી રામાભાઈ કાન્તિભાઈ રણછોડદાસ પટેલ
૨૩. શ્રી રમેશભાઈ વિઠ્ઠલદાસ કડિયા
૨૪. શ્રી પોપટભાઈ ધુળાભાઈ પટેલ
૨૫. શ્રી દિલિપભાઈ રણછોડદાસ સુથાર
૨૬. પ્રમુખશ્રી/મંત્રીશ્રી, ગોઝારિયા પ્રગતિ મંડળ, અમદાવાદ
૨૭. પ્રમુખશ્રી/મંત્રીશ્રી, ગોઝારિયા પ્રગતિ મંડળ, મુંબઈ
૨૮. પ્રમુખશ્રી/મંત્રીશ્રી, ગોઝારિયા પ્રગતિ મંડળ, સુરત

કેમ્પસ ડાયરેક્ટરશ્રી : શ્રી નીરૂભાઈ પટેલ : ૯૮૨૫૪ ૧૫૯૩૬


# શ્રી ગોઝારિયા કેળવણી મંડળ

• ગોઝારિયા, તા.જિ. મહેસાણા - ૩૮૪૪૭૦ •